ગાંધીનગર સમાચાર

# જીએસપીસીનુ સરપ્રાઈઝ ચેકીંગ

ગાંધીનગર, તા. ૭

જીએસપીસી દ્વારા સેક્ટરોમાં પુરી પાડવામાં આવતી પીએનજી સેવા સંદર્ભે આકસ્મિક ચકાસણીનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન સેક્ટરોના રહેણાંક વિસ્તારમાં ગેસ લાઈનનો કોમર્શીયલ ઉપયોગ થતો હોય તેવા ૫૦થી વધુ કિસ્સાઓ તંત્રના ધ્યાને આવ્યા છે. આવા કિસ્સાઓમાં જે ગ્રાહકો પકડાયા છે તેમની પાસેથી આગામી મહિનાથી કોમર્શીયલ ધોરણે બીલની વસુલાત કરવામાં આવશે. જ્યારે આવા કિસ્સામાં જરૂર પડે તો જીએસપીસી દ્વારા જોડાણ કાપવા સુધીના પગલા લેવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેક્ટરમાં રહેણાંક વિસ્તારમાં જીએસપીસી દ્વારા ઘર વપરાશ માટે પીએનજી ગેસ પાઈપલાઈન દ્વારા પુરો પાડવામાં આવે છે. પરંતુ શહેરીજનો જો ઘરવપરાશમાં પીએનજી ગેસ વાપરે તો પણ ૧૦૦ યુનીટની અંદર જ વપરાય પરંતુ આ ગેસ તો કેટલાક વેપારી ગ્રાહકો બેફામપણે ઉપયોગ કરતા હતા. જે ગ્રાહકોનું બિલ ૧૦૦ યુનીટથી વધુ વપરાયું હોય તેવા ગ્રાહકોના ત્યાં આકસ્મિક ચેકીંગ જીએસપીસી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ચેકીંગમાં ગેસનો કોમર્શીયલ ઉપયોગ કરતા ૫૦ થી વધુ ગ્રાહકો ઝડપાઈ ગયા હતા. આ ગ્રાહકોનો ગેસનો પુરવઠો બંધ કરવામાં આવ્યો છે. અને જો ગ્રાહક કોમર્શીયલ ગેસના ભાવે જોડાણ માંગે તો જ મળી શકશે.

**ગેસનો કોમર્શીયલ વપરાશ કરતા ૫૦થી વધુ ઝડપાયા**

બાકી સરપ્રાઈઝ ચેકીંગમાં ઝડપાયેલા ગ્રાહકોનું કનેક્શન બંધ રાખવાનો નિર્ણય જીએસપીસીના તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે તેવું જીએસપીસીના સુત્રો તરફથી જાણવા મળ્યું છે. ઘર વપરાશના ગેસનો ભાવ યુનીટદીઠ ૨૭ રૂ. છે. જ્યારે કોમર્શીયલ ગેસનો ભાવ રૂ. ૫૦ થી વધુ હોવાથી ગ્રાહકો કોમર્શીયલ ગેસ જોડાણ લેતા નથી અને રેગ્યુલર જોડાણમાંથી તેનો ઉપયોગ કરે છે.

# ગાંધીનગરથી યાત્રાધામ દ્વારકા સુધી બસ સેવા શરૂ કરવાની માંગ

ગાંધીનગર, તા. ૭

રાજ્યના પાટનગર ગાંધીનગરથી રાજ્યના પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા સુધી સીધીજ બસસેવા એસટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવે તેવી એક પ્રબળ માંગ ગાંધીનગરના મુસાફરોમાં ઉઠવા પામી છે. આ રૂટની સેવા શરૂ કરવામાં આવે તો એસટીતંત્રને મોટો ફાયદો થવા પામશે. તો એસટીતંત્રએ આ રૂટ ઉપરની બસસેવા શરૂ કરવા માટે ગંભીરતાથી વિચારણા કરવાની જરૂરીયાત છે.

રાજ્યનું પાટનગર ગાંધીનગર છે. ત્યારે રાજ્યના તમામ જિલ્લાઓના મુસાફરોને વારંવાર ગાંધીનગર પોતાના કામકાજ અર્થે અવર-જવર કરવાની ફરજ પડે છે. જ્યારે ગાંધીનગરના મુસાફરોને પણ અન્ય જિલ્લાઓમાં કામ અર્થે અથવા પ્રવાસન સ્થળો પર જવાની જરૂરિયાત થતી હોય છે. પરંતુ એસટીતંત્ર દ્વારા ગાંધીનગરથી યાત્રાધામ દ્વારકા ખાતે કોઈ સીધા રૂટની બસસેવા શરૂ કરવામાં આવે તો ગાંધીનગરના મુસાફરોને ખુબજ ફાયદો થઈ શકે તેમ છે. તો ગાંધીનગર એસટીતંત્રએ આ મામલે ગંભીર રીતે વિચારણા કરી આ રૂટ પર બસ દોડાવવામાં આવે તેવી ગાંધીનગરના શહેરીજનોમાં માંગ ઉઠવા પામી છે.

# દીપડાને બેહોશ કર્યા બાદ હોશમાં ન આવ્યો : બાલારામ ખાતે પી.એમ. કરાયું

પાલનપુર તાલુકાના રાણાવાસના ગામની સીમમાં રવિવારે સવારના થોરની કાંટાની વાડમાં દીપડો ફસાયેલો નજરે પડતા ગામમાં લોકો ભયથી ફફડી ગયા હતા. ગામના લોકોએ વન વિભાગ અને પોલીસ જાણ કરતા બંને વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. દીપડાને પકડવાની તજવીજ હાથધરી હતી. ઘટના સ્થળેથી મળતી માહિતી મુજબ દીપડાના એક પગમાં તારનો વાયર ફસાયેલી હોવાથી તે કાંટાના થોરમાં ફસાઈ ગયો હતો.

જો કે દીપડાએ બહાર નીકળવા માટે કલાકો સુધી પ્રયત્ન કરવા છતાં ન નીકળતા શારીરિક રીતે થાકી જતા આખરે નાદુરસ્ત અવસ્થામાં જોવા મળ્યો હતો અને પરંતુ આસપાસના લોકોનું ટોળું જોઈને દીપડો ખૂબ જ ક્રોધિત અવસ્થામાં હોવાથી વન વિભાગની ટીમ અધિકારીઓએ ઈક્વીલાયઝર રાયફલથી દીપડાને બેહોશ કરી પાંજરામાં પુરવાની ક્વાયત સવારથી સાંજ સુધી હાથ ધરવામાં આવી હતી. અંતે દીપડાને બેહોશ કરવામાં આવ્યો હતો. બેહોશ બાદ હોશમાં ન આવતા દીપડાને મૃત જાહેર કરવામાં આવ્યો હતો અને બાલારામ ખાતે તબીબો દ્વારા દીપડાનું પી.એમ. કરવામાં આવ્યું હતું.

**બેદરકારી કોની ?**



ઉલ્લેખનીય છે કે સવારથી સાંજ સુધી ફસાયેલા દીપડાને પકડવા માટે વન વિભાગ, તબીબોની ટીમ તેમજ પોલીસે મથામણ કરવા છતાં તમામ લોકો નિષ્ફળ પુરવાર થયા હતા અને કોની બેદરકારીથી દીપડાનું મોત થયું છે તે સવાલ હજુ અધુરો છે.

# બોર્ડ-નિગમમાં ચેરમેન-ડીરેક્ટર નિમણુંક માટે પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો માટેની પ્રક્રિયાઓ આગામી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે અને બાકી બોર્ડ-નિગમોમાં નિમણુંકો કરાશે. રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો જિલ્લા તાલુકા પંચાયતોમાં કારમો પરાજય થવા પામ્યો હતો. આ હારના કારણોમાં સ્થાનિક કક્ષાએ કાર્યકરોની નીરસતા અને નારાજગી હોવાનું પણ બહાર આવવા પામ્યું છે.

કાર્યકરોની નારાજગીને ઠારવા માટે હવે બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકોનો દોર ફરીને શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. કેટલાક બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડીરેક્ટરોની નિમણુંકો બાકી રાખવામાં આવી હતી.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટુંક સમયમાં બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે. જો કે આ વખતે બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડીરેક્ટરોની નિમણુંકમાં જે જિલ્લાઓમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. જિલ્લામાંથી બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની પસંદગી કરીને નિમણુંકો આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. બોર્ડ-નિગમોની નિમણુંક ઉપરાંત રાજ્યમંત્રીમંડળમાં પણ ખાતાઓમાં કેટલાક ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

જો કે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દિલ્હી ભાજપા પ્રમુખ અને વડાપ્રધાનને મળીને ચર્ચાઓ કર્યા બાદ જો મોવડીમંડળ લીલી ઝંડી આપે તો જ રાજ્યમંત્રીમંડળના મંત્રીઓના ખાતાઓમાં ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.





## પાલનપુરમાં સ્વયંભુ હેલ્મેટ અને લાઇસન્સ સાથે વાહન ચલાવવાનો વિદ્યાથીઓનો નિર્ધાર

જીલ્લાના કુલ ૬ હજાર અને પાલનપુર શહેરના કુલ ૪હજાર વિદ્યાથીઓને ખાસ વિદ્યાથી લાઈસન્સ કેમ્પ અંતર્ગત લાઈસન્સ અપાવ્ય બાદ હવે આ વિદ્યાથીઓ કાયદાના પાલન સાથે માર્ગ સલામતીના નિયમો અનુસાર વાહન ચલાવે એ માટે થઈને સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે, તે અંતગર્ત રવિવારે તા ૦૬/૧૨/૨૦૧૫ ના રોજ કાનુભાઈ મહેતા હોલમાં વિદ્યામંદિર શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાથીઓ અને તેમના વાલીઓ જોડે એક મિટિંગ મુક્ત પણે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઈસન્સ કેમ્પમાં લાઈસન્સ પ્રાપ્ત કર્યા બાદ આ વિદ્યાથીઓ હેલ્મેટ સાથે વાહન ચલાવે એ માટેનો આગ્રહ હરેશ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો. આ વાતને વાલીઓ અને વિદ્યાથીઓ એ સમર્થન આપતા શાળામાં વાહન લઈને આવતા દરેક વિદ્યાથીઓ હેલ્મેટ સાથે વાહન ચલાવશે એ વાત સ્વયંભુ વાલીઓ અને વિદ્યાથીઓએ સ્વીકારી હતી.

# કોંગી ભાજપના દરેક હથકંડા વિરુદ્ધ લોકશાહી ઢબે લડશે

અમદાવાદ, તા.૭

સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કોંગ્રેસ પક્ષને જિલ્લા પંચાયત તાલુકા પંચાયતમાં જવલંત વિજય મળ્યો છે અને મહાનગરપાલિકા અને નગરપાલિકામાં મતોની ટકાવારી, જનસમર્થન અને બેઠકોમાં મોટાપાયે વધારો થયો છે. આજે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારો સાથે અનઔપચારિક વાતો કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ખાસ કરીને જિલ્લા પંચાયત હથકંડાથી, નૈતિકતા નેવે મુકીને યેનકેન પ્રકારે કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા સભ્યોને તોડવા માટે પ્રયત્નો શરૂ કર્યો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં પ્રજાએ ભાજપને સત્તાથી દુર કર્યો છે ત્યારે બિનલોકશાહી ઢબે સત્તા હાંસલ કરવા ભાજપ બેબાકળું બન્યું છે. ભૂતકાળમાં પણ કોંગ્રેસ પક્ષની ચૂંટાયેલા જિલ્લા પંચાયત જિલ્લા પંચાયત બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ભાજપ સત્તા માટે નૈતિકતા નેવે મુકી ચુક્યું છે. કોંગ્રેસ પક્ષને સ્થાનિક સ્વરાજયની સંસ્થાણાં જનસમર્થન જન આશીર્વાદ મળ્ય છે, ત્યારે કોંગ્રેસ પક્ષના કાર્યકરો,આગેવાનો પણ પ્રજાની સેવા માટે મળેલા જનાદેશનું સન્માન કરે છે અને ભાજપના કોઈ પણ પ્રકારના હથકંડા સામે લોકશાહી ઢબે સામનો કરશે. જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના પદાધિકારીઓની નિયુક્તી માટે સ્થાનિક કક્ષાએ સંકલન, આગેવાનો, નિરીક્ષકો સાથે સંપૂર્ણ ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી રહી છે અને રાષ્ટ્રીય મંત્રી અને ગુજરાતના સહપ્રભારી સજ્જનસિંહ વર્મા, અશ્વિની શેખરી પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપશે.

## અલ્કેમ લેબોરેટરીઝનો પબ્લીક ઈસ્યુ આજે ખુલશે

અલ્કેમ લેબોરેટરીઝ લિમિટેડ (કંપની અથવા ઈશ્યુઅર)ના સેલિંગ શેર હોલ્ડર્સ (ઓફર) દ્વારા ઓફર ફોર સેલ મારફત શેરદીઠ રૂ. બે ની મુળ કિંમત ધરાવતા ૧૨,૮૫૩,૪૪૨ સુધીના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગનો મંગળવાર, ૮ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પ્રારંભ કરાશે. જેના માટે ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૦૨૦થી રૂ. ૧,૦૫૦નો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો છે. આ ઓફરમાં પાત્રતા ધરાવતા કર્મચારીઓ (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં સ્પષ્ટ કરાયા મુજબ) દ્વારા સ્પર્ધાત્મક ધોરણે (એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન) સબસ્ક્રિપ્શન માટે ૨૯૮.૯૧૩ ઈક્વિટી શેર સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન સિવાયની ઓફરનો હવે પછી નેટ ઓફર તરીકે ઉલ્લેખ કરાશે. આ ઓફર અને નેટ ઓફર કંપનીની ઈશ્યૂ પછીની પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીના અનુક્રમે ૧૦.૭૫ ટકા અને ૧૦.૫૦ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. મિનિમમ બિડ લોટ ૧૪ ઈક્વિટી શેરનો છે અને ત્યારબાદ ૧૪ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. સેબીના નિયમો અનુસાર કંપની અને તેના સેલિંગ શેરહોલ્ડર્સ ગ્લોબલ કો ઓર્ડિનેટર્સ એન્ડ બૂક રનિંગ લીડ મેનેજર્સ (જીસીબીઆરએલએમ)ના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે સોમવાર, ૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ બિડ કરી શકશે. આ બિડ/ઈશ્યૂ ગુરૂવાર, ૧૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ તમામ બિડર્સ માટે બંધ થશે. કંપની તથા સેલિંગ શેરહોલ્ડર્સ પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઓફર પ્રાઈઝ પર રૂ. ૧૦૦નું ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે.

## યોજના ફ્લોપ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસા દરમિયાન પણ વર્ષમાં માત્ર એકવાર તળાવમાં ભાગ્યેજ પાણી દેખાય છે. એકબાજુ ફૂડકોર્ટ પણ લાંબા સમયથી તૈયાર થયા બાદ ખંડેર હાલતમાં છે ત્યારે પાણીની વ્યવસ્થાના અભાવે તળાવ વિકાસની યોજના પર પણ પાણી ફરી વળ્યું છે. અગાઉ બાજુમાંથી પસાર થતી નર્મદા લાઈનમાંથી તળાવને પાણી પુરૂ પાડવાની માંગણી કરવામાં આવી હતી. વિભાગ દ્વારા પણ આ મામલે કોઈ અભ્યાસ કે વિચારણા હાથ ધરવામાં આવતી નથી તળાવ વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં તળાવને પીકનિક સ્પોટ બનાવવાનું સ્વપ્ન હજુ સાકાર થઈ શક્યુ નથી. કરોડોનો ખર્ચ કરાયા બાદ પણ સહેલાણીઓના નસીબે માત્ર ખાડો જોવાનો વારો આવ્યો છે.

## યુવા ક્રિકેટર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલનું ખુબજ મોટુ યોગદાન રહેલું છે. ગાંધીનગર શહેરના જાણીતા ક્રિકેટ એડમિનિસ્ટ્રેટરની સેવાઓ બીસીસીઆઈ દ્વારા દેશભરમાં ઉભા થનાર ક્રિકેટના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ જેવા કે સ્ટેડીઅમ, પેવેલિયન, મેદાન, પીચ સહિતની ઈન્ડોર સુવિધાઓના નિર્માણ માટે લેવામાં આવશે. જે ગાંધીનગર અને ગુજરાત માટે ગૌરવ સમાન છે. મેહુલભાઈ પટેલની વરણી બીસીસીઆઈની રાષ્ટ્રીય કક્ષાની સમિતિમાં થતાં મોટેરા ખાતેના ક્રિકેટ સ્ટેડિયમના આધુનિકીરણમાં પણ ખુબજ મોટો લાભ થશે. બીસીસીઆઈની રાષ્ટ્રીય કક્ષાની સમિતિમાં મેહુલ પટેલની વરણી થતા શુભેચ્છકો અને પરિવારજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## પગાર વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે વાર્ષિક ખર્ચમાં માસિક રૂ. ૪૭ હજાર જેટલુ આર્થિક ભારણ વધશે. મનપાના આર્થિક ભારણમાં થઈ રહેલા વધારાને પહોંચી વળવા હવે આગામી દિવસોમાં શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાઈ છે. મનપા દ્વારા આર્થિક સધ્ધરતા માટે આવકના કોઈ નવા સ્ત્રોત ઉભા કર્યા નથી તેમજ ખર્ચનું ભારણ જે રીતે વધી રહ્યું છે તે ચિંતાનો વિષય બનીને ઉભરી રહેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની મુદત એપ્રિલ-૨૦૧૬માં પૂર્ણ થઈ રહી છે એટલે છેલ્લા અંદાજપત્રમાં તે નવી આવક મેળવવા માટે શુ વિચારે છે તેનું ચિત્ર પણ સ્પષ્ટ થશે.

## વિચારયાત્રા (૪ પાનાનું ચાલુ...)

આજનું શિક્ષણ સારા ટેકનીશીયન પેદા કરી શકે છે, તેને માટે જરૂરિયાત મુજબ રોજ 'સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થા'નામના નવા નવા કારખાના અને લારી ગલ્લા ખુલતા જાય છે; પણ આત્મસન્માન, આત્મગૌરવ, પરસન્માન-પરગૌરવ અને આત્મ પ્રત્યય ધરાવતા શ્રેષ્ઠ માણસો તૈયાર થતા નથી. અભ્યાસક્રમનો એ વિષય જ રહ્યો નથી કારણ કે શિક્ષણનો સમગ્ર દોર શિક્ષણશાસ્ત્રીઓને બદલે ઉદ્યોગપતિઓના હાથમાં ચાલ્યો ગયો છે. બીજાની અગવડનો મારે કેવી રીતે લાભ લેવો, શું કરવાથી બીજાના પૈસા મારા ગજવામાં આવે, બીજાની પત્ની કે પ્રેમિકાને હું કેવી રીતે મારી કરી શકું એવી બેશરમ વૃત્તિ ધરાવતો સમાજ તૈયાર થઈ રહ્યો છે અને સજ્જનો માથે હાથ દઈને બેઠા છે; એ આપણા સમાજની કરુણતા છે.

કવિ કહે છે તેમ, 'કીડી મંકોડાને ચિંતા ક્યાં હોય છે, કોણ મારી દીકરીને પરણે? ઈર્ષ્યા આવે દોસ્ત! એ રીતે ઊજવે છે એ લોકો એમની હયાતિ!' - આપણી જિંદગીમાં ગૌરવ લેવા જેવું શું છે? ઈર્ષ્યા આવે એવી જિંદગી તો કૃમિ કીટકોની છે. સાચું જ કહ્યું છે, 'આપણને નહીં, એ લોકોને જોઈને ઈશ્વરની છાતી ફૂલાતી.'

- jayuoza@gmail.com

## બુલેટ ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ વડાપ્રધાનની કચેરી (પીએમઓ)ના ટોચના અધિકારીઓ અને રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરનાર છે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટ ટ્રેનનુ સ્વપ્ન પૂર્ણ કરવાની દિશામાં ભારતીય વડાપ્રધાન મોદી આગળ વધી રહ્યા છે. આ પ્રોજેક્ટ અમલી બની ગયા બાદ મુંબઈ અને અમદાવાદ વચ્ચે પ્રવાસ ગાળા ઘટીને સાત કલાકના બદલે બે કલાક થઈ જશે. જાપાન ૫૦ વર્ષના ગાળામાં ફેરપેમેન્ટની શરત પર ૦.૫ ટકાના વ્યાજ સાથે ૯૦,૦૦૦ કરોડથી વધુની લોન આપવા માટે સહમત થાય તેવી શક્યતા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ભારત અને જાપાન સમુતીની દિશામાં આગળ વધી રહ્યા છે.

જાપાનની ઓફર ભારત માટે ખુબ આકર્ષક પણ છે. બન્ને દેશોના વડાપ્રધાન પોતે આ પ્રોજેક્ટમાં ખાસ રસ લઈ રહ્યા છે જેથી આ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી શકે છે. જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી દ્વારા મુંબઈ અને અમદાવાદને જોડતા ૫૦૫ કિલોમીટરના ટ્રેક મામલે ફિજિબિલીટી અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. સાથે સાથે એવુ તારણ આપ્યુ હતુ કે બુલેટ ટ્રેન આ રૂટ પર શક્ય છે. બુલેટ ટ્રેન ઉપર સમજુતિ ભારત પહોંચ્યાના એક દિવસ બાદ થાય તેવી શક્યતા છે. શિન્જો ભારત યાત્રા દરમિયાન વારાણસી જશે. મોદીની જાપાન યાત્રા દરમિયાન બન્ને દેશોએ વારાણસીને જાપાનના શહેર ક્યોટોની જેમ ડેવલોપ કરવાની યોજના પર સહમત થયા હતા.

## ટેસ્ટ શ્રેણી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈને ભારતની જીતને વધાવી લીધી હતી. ડિવીલીયર્સે ૨૯૭ બોલમાં ૪૩ રન કર્યા હતા. વન-ડે અને ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં હાર ખાધા બાદ ભારતે ટેસ્ટ શ્રેણીમાં જીત મેળવી છે. રવિચંદ્રન અશ્વિનનો કોઈ જવાબ આફ્રિકાને મળી શક્યો નહતો. સમગ્ર શ્રેણીમાં તે છવાયેલો રહ્યો હતો. ચોથી ટેસ્ટના ચોથા દિવસે ગઈકાલે હારના સંકટનો સામનો કરી રહેલા પ્રવાસી દક્ષિણ આફ્રિકાએ જીતવા માટેના ૪૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા રમત બંધ રહી ત્યારે બે વિકેટ ગુમાવીને ૭૨ રન કર્યા હતા. આ સ્કોરથી આગળ રમતા દક્ષિણ આફ્રિકાએ શરૂઆતમાં ટેસ્ટને ડ્રોમાં ખેંચી જવાના તમામ પ્રયાસ કર્યા હતા. પરંતુ આફ્રિકાના લોઅર ઓર્ડરના બેટ્સમેનોનો ફ્લોપ શો રહ્યો હતો અને એક પછી એક નિયમિતગાળામાં વિકેટો ગુમાવી હતી. આફ્રિકાએ ચોથા દિવસે ૭૨ ઓવરમાં માત્ર ૭૨ રન જ કર્યા હતા. એક રનની સરેરાશ સાથે આફ્રિકાએ રન બનાવતા ટીવી પર મેચ નિહાળી રહેલા ક્રિકેટ ચાહકો અને મેદાન પર રહેલા ચાહકો ભારે નિરાશ થયા હતા.ભારતે મોહાલી ટેસ્ટ વરસાદમાં ધોવાઈ ગયા બાદ અન્ય બે ટેસ્ટ મેચ જીતી લીધી હતી. આફ્રિકન બેટ્સમેનો ભારતના સ્પીનરો સામે ફરીવાર ફ્લોપ રહ્યા હતા. આ ટેસ્ટ મેચમાં આફ્રિકાનો દેખાવ ખૂબ જ કંગાળ રહ્યો હતો.

## ચંદ્રાલા પાસે રસ્તો ઓળંગતા પ્રૌઢનું ટ્રકની ટકકરે મોત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક સ્થિત ચંદ્રાલા ગામમાં રહેતા ૫૦ વર્ષીય વાલમભાઈ ધવલભાઈ ગરાસીયા ગઈ સાંજે ચંદ્રાલા બસ સ્ટેન્ડ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ હાઈવે પરથી નિકળેલા અજાણ્યા ટ્રક ચાલકે વાલમભાઈને અડફેટે લઈ લીધા હતા. અકસ્માતમાં વાલમભાઈનું બનાવસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ હીટ એન્ડ રન પ્રકરણમાં ચિલોડા પોલીસે મૃતકનાં દિકરા સુરેશભાઈ ગરાસીયાની ફરિયાદને આધારે અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ શરુ કરી છે.

## કાર્યકરોનો બહિષ્કાર...

● ત્રીજા પાનાનું ચાલુ

સમગ્ર કાર્યવાહી ૩૦ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવા માટેની તાકીદ પણ કરવામાં આવી હતી.

હવે આ કામગીરીનો બહિષ્કાર કરતાં તેમજ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આ કામગીરીના થઈ રહેલા વિરોધ વચ્ચે તંત્રએ રાજ્ય સરકાર પાસે વિશેષ માર્ગદર્શન માંગ્યું હોવાનું જાણવા મળેલ છે.

જો કે તંત્રના અધિકારીઓ હજુ આ મુદ્દે કંઈ પણ બોલવાનું ટાળી રહ્યા છે. જિલ્લાના તાલુકા કક્ષાએ કેટલાક સ્થાનો પર આ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે. જે કામગીરી આશા કાર્યકરો દ્વારા હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.

**જાહેર વિજ્ઞપ્તિ**

**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ**

બ્લોક નં. ૧૯૮/૪, ગ-૧ ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર

**કોમ્પ્યુટર ઓપરેટર**

ઉપરોક્ત કચેરી માટે ૧૧ માસના કરારના ધોરણે કોમ્પ્યુટર ઓપરેટર-૧, માસિક ફિક્સ પગાર, રૂ. ૧૦,૦૦૦/- લેખે રાખવાના થાય છે. તો ૩૦ વર્ષ સુધીની ઉંમરના બીસીએ (પ્રથમ વર્ગ)ની લાયકાત ધરાવતા તેમજ બે વર્ષની કોમ્પ્યુટરને લગતી કામગીરીનો અનુભવ ધરાવતા ઉમેદવારોએ તા. ૨૧/૧૨/૨૦૧૫ સુધીમાં અત્રે આધાર પુરાવા સાથે અરજી મોકલી આપવાની રહેશે.

ડીવીઝનલ મેનેજર

માહિતી/૧૯૪૮/૧૫-૧૬ ગુ.રા.વ.વિ.નિ.લિ., ગાંધીનગર

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ